ચાલો સાથે મળી સૌભાગ્યના વારસ બની જઇએ, શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઇએ
- શરદ ઠાકર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૭ | ૧૮ નવેમ્બર, ૨૦૧૩, સોમવાર; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સફાઈમાં એજન્સીઓની આડોડાઈ અને કર્મચારીઓની ગેરહાજરીથી સમસ્યા પુનઃ વકરી

### સ્થાયી સમિતિના ચેરમેને કરેલી ઓચીંતી છાપામારીમાં ચોંકાવનારી હકીકતોથી તંત્ર હચમચ્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરની સફાઈ માટે નિયુક્ત કરાયેલ આઉટ સોર્સીંગ એજન્સીઓની લાપરવાહી જોઈ આજે મહાનગરપાલિકાના સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે અને નિષ્કાળજી દાખવવા બદલ આવી એજન્સીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવે આજે સવારે અચાનક સફાઈ કામગીરીની સમીક્ષા માટે નીકળ્યા હતા. જ્યાં તેમને સે. ૨૧ અને સે. ૮માં આઉટ સોર્સીંગ એજન્સીઓની આડોડાઈ જોઈ ચોંકી ઉઠ્યા હતા. આ ઉપરાંત તેમણે તાબડતોબ સફાઈ કામદારોની રજાઓ મંજૂર કરવા માટેના નિયમો પણ તપાસવા માટે ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નરશ્રીને તાકીદ કરી છે.

ચેરમેનશ્રી દવેની આ ઓચીંતી છાપામારીમાં કર્મચારીઓની ગેરહાજરી અને આઉટ સોર્સીંગ એજન્સીઓની નિષ્કાળજી ધ્યાને આવતાં તેમણે આ બાબતે તંત્રના અધિકારીઓનો ઉધડો લીધો હતો.

તેમણે તાત્કાલિક સે. ૮માં સઘન સફાઈ ઝુંબેશ શરૂ કરવા જણાવ્યુ હતુ. ચ-૨ થી જ-૨, ઘ-૩ થી ચ-૨, રીંગરોડ તેમજ જ માર્ગ પર કચરાના ખડકલા જોઈ અચંબિત બની ગયેલા ચેરમેને સેનેટરી સુપ્રિટેન્ડન્ટને તાત્કાલિક તેડુ મોકલી વાહનો દ્વારા આ સફાઈ કરવા જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાના ૭ પર

## દેવ દિવાળીએ પંચદેવના પ્રાંગણમાં દિપમાળા



દિપોત્સવી પર્વના ઉલ્લાસની ચરમસીમા એટલે દેવ દિવાળીનો તહેવાર. આમ તો ચોમાસામાં પથરાયેલા વાદળોના અંધકારને ઉલેચતુ આ દિવાળીનું પર્વ આમ તો અનેકવિધ મહત્વ શાસ્ત્રોમાં મહત્વનું લેખાય છે. નૂતન વર્ષનો આરંભ પણ આ પર્વ પછી થતો હોય છે. મુસ્લીમોનું નૂતન વર્ષ પણ બીજના ચંદ્રોદયની સાથે શરૂ થતું હોય છે. દેવદિવાળી એ દિપોત્સવનું અનોખુ મહત્વ છે. આ દિપોત્સવ પણ અવનવી રંગોળીથી સજે તો કેવા સુંદર દશ્યો સર્જાય છે તેની અનુભૂતિ આજે પંચદેવ મંદિરની દિપમાળા જોયા પછી જ ખબર પડે. ક્રિકેટના ભગવાન ગણાતા સચીનની વિદાયની વાત અને પર્વના આનંદોત્સવના ભાવ સાથેની ગૂંથણી આ દિપમાળામાં જોવા મળી હતી. ૐ ના એકસોથી પણ વધુ અર્થ હોવાની વાતો શાસ્ત્રોમાં છે પણ તેનો એક અર્થ આનંદ પણ છે તે આજની આ દિપમાળા પરથી સ્પષ્ટ થાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સહકારી મંડળીમાં ચૂંટણી દર ત્રણના બદલે પાંચ વર્ષે યોજાશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભામાં રાજ્યની ચાલીસ હજાર સહકારી મંડળીઓને સ્વાયત્તા આપવાની સત્તા રાજ્યના મુખ્ય સચિવને આપ્યા બાદ નવા કાયદા અમલમાં મુકાયા છે. તેના કારણે સ્વાયત્તાના નામે સરમુલ્યતારશાહીનો નવો યુગ શરૂ થવાની દહેશત વ્યક્ત કરાઈ રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ સહકારી કાયદા-૨૦૧૩માં કેટલીક નવી સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. તે અંતર્ગત હાલમાં સહકારી મંડળીઓએ દર ત્રણ વર્ષે ચુંટણી આપવી પડે છે. તેને બદલે આ સમય અવધી પાંચ વર્ષની કરી દેવામાં આવી છે. આમ હવે પાંચ વર્ષે સહકારી મંડળીઓએ ચૂંટણી આપવી પડશે. જ્યારે અન્ય એક કરાયેલા મહત્વપૂર્ણ ફેરફારમાં કોઈ બોર્ડે ગેરરિતી કરતા પકડાય છે તો તેવા સંજોગોમાં તેની સામે શું કાર્યવાહી કરવી તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સહકારી કાયદા ૧૯૬૧ અન્વયે અત્યાર સુધી વહીવટદારની નિમણૂંક કરવામાં આવી હતી. જેને સ્થાને વહીવટદારની નિમણૂંક ન કરવા માટે નવા ગેઝેટમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. ગેરવહીવટ કરનાર તત્વો સામે શું કાર્યવાહી કરવી તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.



આરામ એટલે થોડીક પળ માટે થાક ખાવો પણ આરામમાં આંખ મળી જાય તો એવી મીઠી નીંદર આવે કે પછી તમે ક્યાં છો તે પણ ભૂલી જવાય. આરામને વળી સ્થળ શું ? આરામ એટલે આરામ. એટલે સાથીના ખભે માથે ટેકવીને પણ મેળવી શકાય તો આરામ માટે સ્વચ્છ ઓટલો જોઈએ એવુ પણ નથી કચરાપેટીના ઢાંકણાને ઓશીકુ બનાવીને કે પછી પાળ પર માથુ નીચે મુકીને આરામ ફરમાવતા પાટનગરના વાનરરાજાઓની આ તસ્વીર છે. વાનરોથી વાજ આવેલા પાટનગરવાસીઓની પરેશાની વિશે તંત્ર ભલે ''આરામ'' ફરમાવતુ હોય પણ તસ્વીરકારે તેને તસ્વીરમાં આ અદાઓ કેદ કરી ''આરામ હરામ'' છે એવુ ચોક્કસ કહેવાનો પ્રયત્ન કર્યો છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સે. ૨૪ની ગલીઓમાં બેફામ બનેલી એક કારે મોડી સાંજે આતંક મચાવ્યો

### સડસડાટ એ-સ્ટાર કાર લઈને નીકળેલા તત્વોએ પાર્ક થયેલા ૧૭ જેટલા બાઈકો ઉછાળ્યા : ગલીમાં ફટાકડા ફોડતા બાળકો અને પરિવારો ફફડીને ઘરમાં ઘુસી ગયા : ગાડી કોલવડા તરફ ભાગી ગઈ

ગાંધીનગર, તા. ૧૭

પાટનગરમાં હજુ પણ કેટલાક યુવા અસામાજીક તત્વો દારૂના નશામાં આવી જઈને આતંક મચાવી રહ્યા છે. ગઈકાલે મોડી સાંજે સે. ૨૪ ચંદ્ર ફોટો સ્ટુડીયોથી થોડે દૂર એક ગલીમાં બ્લ્યુ રંગની એ-સ્ટાર ગાડી લઈને નીકળેલા તત્વોએ બેફામ બનીને ગલીમાં પાર્ક થયેલા ૧૭ જેટલા બાઈકોને અડફેટે લઈને ઉછાળ્યા હતા. મોડી સાંજે વાહનોના પડવાના અવાજ એવા ભયંકર હતા કે બહાર ફટાકડા ફોડતા બાળકો તથા પરીવારજનો પણ ફફડીને ઘરમાં ઘુસી ગયા હતા. જો કે તમામ બાઈકસમાં સામાન્ય જ નુકશાન થયું હોવાથી કોઈએ આ તત્વો સામે પોલીસ ફરીયાદ કરવાની હિંમત પણ દાખવી ન હતી. આવા તત્વોને નિયંત્રીત કરવા જરૂરી બન્યા છે. આ ગાડી બેફામ બનીને ભય ઉભો કર્યા બાદ કોલવડા તરફના માર્ગે ભાગી હતી.

શહેરના સેકટર-૨૪ના ચંદ્રલોક સ્ટુડીયોથી થોડે દૂર એક ખાંચામાં મોડી સાંજે નવ વાગ્યાના અરસામાં બાળકો ફટાફડા ફોડી રહ્યા હતા. કેટલાક વાલીઓ તેમની સાથે ઉભા હતા તો કેટલાક ઘરમાં હતા. તે દરમ્યાન અચાનક પુરપાટ ગતિએ એક બ્લ્યુ કલરની એ-સ્ટાર ગાડી તે ગલીમાં ઘુસી અને ગલીના રસ્તાની બન્ને બાજુ પાર્ક થયેલા વાહનોને એક પછી એક ટક્કર લાગતા ટપોટપ ૧૭ જેટલા બાઈક્સ જમીનદોસ્ત થઈ ગયા હતા. આ ગાડીમાં ત્રણેક શખ્સો બેઠેલા હતા જે નશામાં હોય તેવી હરકતો તેમની હતી. બાઈક ટપોટપ પાડીને ગાડી લઈને નીકળેલા શખ્સો કોલવડા માર્ગ તરફ ભાગ્યા હતા. આ બનાવ બાદ ફફડી ગયેલા રહીશો તે સમયે તો ઘરમાં ઘુસી ગયા હતા. ત્યાર બાદ રાત્રે ઉહાપોહ કરી તે અજાણ્યા તત્વો પર અંદરોઅંદર શાબ્દીક બડાશ કાઢી હતી. જો કે એકેય રહીશે તેમના સામે પોલીસ ફરીયાદ કરવાની હિંમત સુદ્ધા કરી ન હતી. આ ઘટનામાં વાહનોને સામાન્ય નુકશાન થવા પામ્યા હતા. સદ્ભાગ્યે કોઈ વ્યક્તિને અડફેટે લીધા ન હોવાથી કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

## દેના બેંક દ્વારા મેગા પ્લાનમાં ગાંધીનગરના ૧૨૦૦ અને હિંમતનગરના ૮૦૦ લાભાર્થીઓને ૮૦ કરોડનું ધિરાણ

ગાંધીનગર, તા.૧૭

સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના બે હજાર જેટલા લાભાર્થીઓને આજે દેના બેંક દ્વારા યોજાયેલ મેગા ક્રેડિટ પ્લાનમાં રૂ. ૮૦ કરોડના ધિરાણ ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે યોજાયેલ આ મેગા ધિરાણ કેમ્પમાં ગાંધીનગરના ૧૨૦૦ જેટલા લાભાર્થી હતા તો સાબરકાંઠાના ૮૦૦થી વધુ લાભાર્થીઓ હતા.

દેના બેંક દ્વારા તા. ૧૭-૧૧-૨૦૧૩ના રોજ હિંમતનગર મુકામે ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન હોલમાં પક્ષ ધિરાણ વિતરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા કાર્યક્રમો દેના બેંક દ્વારા સમગ્ર ભારતમાં આજ રોજ કરવામાં આવ્યા છે. આ શિબિરમાં આશરે બે હજારથી વધુ લાભાર્થીઓ ઉમટી પડયા હતા. આ પ્રસંગે શ્રી મહેન્દ્ર શાહ, ઝોનલ મેનેજર, દેના બેંક ગાંધીનગર, શ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેકટરશ્રી, સાબરકાંઠા, શ્રી એમ. નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સાબરકાંઠા તેમજ સરકારશ્રીનાં બેંકના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે શ્રી મહેન્દ્ર શાહ, ઝોનલ મેનજેર, દેના બેંક ગાંધીનગરે જણાવ્યું હતું કે દેના બેંકની શાખાઓ દ્વારા ૨૦૮૪ લાભાર્થીઓને રૂ. ૮૦ કરોડ જેટલી માતબર રકમ મંજુર કરવામાં આવી છે. આ રકમ મુખ્યત્વે કિસાન ક્રેડિટકાર્ડ, પશુપાલન ટપક સિંચાઈ, સંયુકત જવાબદારીવાળા જુથો સખી મંડળોને મંજુર કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટૂંક સમયમાં સાબરકાંઠા જિલ્લામાં બે અને અરવલ્લી જિલ્લામાં દેના બેંકની એક શાખા ખોલવામાં આવશે. આ પ્રસંગે શ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેકટરશ્રી સાબરકાંઠાએ જણાવ્યું હતું કે વિત્તિય સમાવેશન યોજના અંતર્ગત દરેક કુટુંબનું એક ખાતું બેંકમાં હોવું જરુરી છે. ભવિષ્યમાં સરકારી સહાય, મનરેગા યોજના નીચે મળતી મજુરી, સબસીડી, સ્કોલરશીપ વગેરે ડાયરેકટ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થશે.

આ પ્રસંગે શ્રી એમ. નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠા પણ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે આર્થિક રીતે નબળા લોકો માટે સરકારશ્રીની સ્વરોજગારી માટેની ઘણી બધી યોજનાઓ છે. દરેક પાત્ર લાભાર્થીએ તેનો લાભ લઈ આર્થિક રીતે પગભર થવું જોઈએ.

આ પ્રસંગે દેના લક્ષ્મી શિક્ષણ પ્રોત્સાહન યોજના અંતર્ગત બાલ દિનનાં ભાગરૂપે બેંક દ્વારા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની ૫૫ જેટલી બીપીએલ બાળાઓને શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવી હતી. આ પ્રસંગે સુશ્રી પારૂલ પરમાર, ગાંધીનગરને હેન્ડીકેપ વર્ગમાં ખેલ-કૂદ સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ દેના બેંક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી કે.એમ. ઢોલરિયા, વરિષ્ઠ પ્રબંધક, દેના બેંક, ગાંધીનગરે દેના બેંકની વિવિધ યોજનાઓ વિષે માહિતી આપી હતી. આ પ્રસંગે દેના બેંકની શાખાઓના મેનેજરો, કૃષિ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ગાંધીનગરના લાલજીની જાન ડી.જે. બેન્ડ સાથે નારદીપુર પહોંચી

### લંબેનારાયણ આશ્રમમાં તુલસી વિવાહ ભક્તિપૂર્ણ વાતાવરણ વચ્ચે સંપન્ન થયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના લાલજી મહારાજનો આજે નારદીપુર લંબેનારાયણ આશ્રમના રાધા-ક્રિષ્ણ હોલ ખાતે તુલસી સાથે વિવાહ સમારોહ ભક્તિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

ગાંધીનગર સે. ૨૭માંથી લાલજી મહારાજની જાન આજે ભક્ત શ્રી સુભાષભાઈ ભટ્ટના નિવાસસ્થાનેથી જોડાઈ હતી. સાજન-માજન સાથે ડી.જે. બેન્ડની સુરાવલિઓ સાથે સવારે ૭.૩૦ વાગ્યે જાન નારદીપુર પહોંચી ત્યારે ત્યાં કન્યા પક્ષ દ્વારા ખુબજ ધામધૂમથી સામૈયુ કરવામાં આવ્યું હતું.

કન્યા પક્ષના શ્રી પ્રવિણભાઈ ભોળાભાઈ છગનદાસ પટેલ પરિવારે જાનનુ સામૈયુ ધામધૂમથી કર્યુ હતુ. ફટાકડાઓના ધૂમ ધડાકાઓ બાદ વરરાજા લાલજી મહારાજનો વરઘોડો નારદીપુર ગામમાં ફર્યો હતો.

એક હજારથી પણ વધુ ભાવિક ભક્તોએ લાલજીના ગુણગાન ગાતાં નારદીપુર ગુંજી ઉઠ્યું હતું. જાનમાં જોડાયેલા નાગર શ્રેષ્ઠીઓ શ્રી સુભાષ ભટ્ટ, શ્રી નરેશ રાજા, શ્રી ગોપાલ પંડિત, પાટીદાર સમાજના મોભીઓ સહિત ગ્રામજનો અને ભાવિકભક્તોએ આજે હોંશભેર આ તુલસી વિવાહ માણ્યા હતા.

શ્રીમતિ પ્રવિણાબેન દશરથભાઈ કાન્તિલાલ પટેલ પરિવારે તુલસીનું મામેરૂ કર્યુ હતું અને મામેરૂ જોયુ મોસાળિયાઓ અને જાનૈયાઓ અત્યંત પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે લંબેનારાયણ આશ્રમના સ્વામી શ્રી વિવેકાનંદ તીર્થ મહારાજે સૌને આશીર્વાદ આપ્યા હતા.

નારદીપુર ખાતે યોજાયેલ લગ્ન સમારોહમાં ગામના સૌ નાગરિકોએ હોંશભેર ભાગ લઈ માણ્યા હતા. આ લગ્ન સમારોહને લઈ ગામમાં ભક્તિનો અનેરો માહોલ છવાઈ જવા પામ્યો હતો.




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740